ક્રમાંક : જીઆઈડીસી / ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/ પોલીસી / ૧ (૧૦) / ૨૫
જીઆઈડીસી, ઉધોગભવન, ગાંધીનગર
તા. ૨૨/૦૮/૨૦૧૨.

## // પરિપત્ર //

**વિષય :** **ઔદ્યોગિક વસાહતમાં કોમન ફેસીલીટી સેન્ટર વિકસાવવા માટે જમીન ફાળવવા તેમજ ફાળવણી દરમાં રાહત આપવા અંગેની નીતિ બાબત.**

નિગમની ઔધોગિક વસાહતોમાં આવેલ નોંધાયેલા ઔદ્યોગિક મંડળો કે નિર્દિષ્ટિ વિસ્તાર સત્તા મંડળ કે અન્ય સરકારી/અર્ધ સરકારી સંસ્થાઓ ધ્વારા વસાહતમાં કાર્યરત ઔદ્યોગિક એકમોનાં પ્રકાર, તજજ્ઞતા, તાંત્રીક કૂશળતા વિગેરેને ધ્યાનમાં લઈ તેમની કાર્યદક્ષતા વધારવાના આશયથી સી. એફ. સી. ની સ્થાપના માટે જમીનની ફાળવણી માટેની કોઈ અરજી તમામ દસ્તાવેજ સાથે નિગમને મળે ત્યારે નિગમની તા. ૧૯/૭/૨૦૧૨ ના રોજ મળેલ ૪૬૯માં સભામાં રજુ કરવામાં આવેલ કાર્યસુચિ ઉપર પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંકઃ ૮૩/વિતરણ/૪૬૯/૨૦૧૨ મુજબ આવા સી. એફ. સી. ની સ્થાપના અર્થે વધુમાં વધુ ૨,૦૦૦ ચો. મી. જમીન વસાહતના જે તે ઝોનનાં પ્રર્વતમાન વિતરણ દરમાં ૨૫ % રાહત સાથે ફાળવી શકાશે. જયારે આવી દરખાસ્ત વસાહતમા આવેલ નોંધાયેલ ઔદ્યોગિક મંડળો તરફથી મળે ત્યારે તેઓની કુલ સંખ્યાનાં ઓછામાં ઓછા ૭૫ % સભ્યયુનિટ ધ્વારા તેને અનુમોદન મળેલ હોવું જરૂરી છે.

વિકસાવવામાં આવનાર સી. એફ. સી. પોતાની સેવાઓ વસાહતનાં સભ્યયુનિટ તેમજ અન્ય ઉદ્યોગોને સમાન દરે આપશે, તેવુ બાંહધેરીખત પ્રથમ મેળવવાનું રહેશે. જયારે પણ આવી કોઈ રજુઆત મળે ત્યારે ક્ષેત્રીય કચેરીએ રજુઆતને ચકાસી દરખાસ્ત મંજુરી અર્થે ઉપા. અને વહી. સંચાલકશ્રીને વડી કચેરીએ મોકલી આપવાની રહેશે.

પૂર્ણ વિકસીત વસાહતમાં હરાજી ધ્વારા પ્લોટ ફાળવણીની નીતિ અમલમાં છે. તેવી વસાહતોમાં પણ અપવાદરૂપ ઉપલબ્ધ પ્લોટની ફાળવણી ઉપરોકત ધોરણે કરવાની રહેશે.

આવા મંડળ, સોસાયટી કે સંસ્થા ધ્વારા ચલાવવામાં આવતા કોમન ફેસીલીટી સેન્ટરના બોર્ડમાં નિગમના સબંધીત વિભાગીય પ્રબંધક/ પ્રાદેશિક મેનેજરનો સમાવેશ કરવાનો રહેશે.

આવી ઉપરોકત તમામા બાબતોની મંજુરી આપવાની સત્તા નિગમના ઉપા. અને વહી. સંચાલકશ્રીની છે.

સહી/–

**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**

પ્રતિ,

- નિગમનાં તમામ અધિકારીશ્રીઓ તરફ.
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણસારૂ.
- મેનેજરશ્રી ( એસ.એન્ડ એ.), જીઆઈડીસી, ગાંધીનગર તરફ સદર પરીપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના કર્યું
N. Pathak
જનરલ મેનેજર ( ઈએન્ડએ)
22/8

▶ MANAGER (COMPUTER )